
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# ગુણોનો વિકાસ જ સાચી ભક્તિ




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર

http://awgp.org

# ગુણોનો વિકાસ જ સાચી ભક્તિ

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

મિત્રો ! આ પ્રક્રિયા અનાદિકાળથી ચાલતી આવી રહી છે, કે આપણે ભગવાન માટે આપણી આત્મશોધનની પ્રક્રિયાને ચાલું રાખી. આપણે આપણી જાતને ધોઈ, આપણને સાફ કર્યા, આપણે આપણને એને લાયક બનાવ્યા  કે ભગવાનનો નિવાસ ત્યાં સંભવ બની શકે. અવાગઢ મહારાજે એક વાર પંડિત મોતીલાલ નહેરુને કોઈ સલાહ માટે પોતાને ત્યાં બોલાવ્યા. તે દિવસોમાં તેઓ રોજની એક હજાર રૂપિયા ફી લેતા હતા. અવાગઢ મહારાજને ત્યાં પંડિતજી આવ્યા તો એમણે શું કામ કર્યુ ? તેમણે સૌથી પહેલા પોતાની નહાવા-ધોવાની અને પેશાબ પાયખાનાની જગ્યા જોઈ. તેમણે જોયું કે અહીં તો દુર્ગંધ આવી રહી છે. તેમણે કહ્યું અરે ભાઈ ! એમને બીમાર કરશો કે શું ? અહીં તો અમે ન રહી શકીએ. અવાગઢ મહારાજે તરત જ બીજી વ્યવસ્થા કરી. તેમના માટે નવાં કમોડ મંગાવ્યા અને જયાં ગંદકી ન થતી હોય એવી નવી જગ્યા બનાવી. ભગવાનને આપ બોલાવવા માગતા હો તો બેટા ! શું કરવું પડે છે તેની તને ખબર નથી. કાલે ગર્વનર આવી રહ્યા છે. સૌનું દિમાગ ચાલી રહ્યું છે કે જુઓ કચરો દૂર કરો, રસ્તા સાફ કરો, રસ્તો બંધ કરો, ગટર અહીંથી બંધ કરો. અમુક સામાન અહીંથી હટાવો. ગર્વનર આવવાથી કેટલી આફત આવી રહી છે અને સફાઈમાં કેટલા રૂપિયા ખર્ચાય રહ્યા છે.

મિત્રો ! જો ભગવાન તમારી પાસે આવે તો શું કરવું પડશે ? તો બેટા ! રોમ રોમ સાફ કરવું પડશે. પોતાની નસેનસ સાફ કરવી પડશે. એનાથી ઓછામાં કામ ચાલી શકવાનું નથી.ગંદકીમાં આવીને ભગવાન શું કરશે ? અવાગઢ મહારાજને ત્યાં જ્યારે તે વખતના મામૂલી વકીલ ગંદકી પસંદ ન કરી શકયા,

જ્યારે ગર્વનર આવી રહ્યા છે તો ટ્રાફિક પોલીસવાળા લાગી રહ્યા છે, આપણે લાગી રહ્યા છીએ, તમામ કર્મચારીઓ લાગી રહ્યા છે, કાર્યકર્ત્તાઓ લાગી રહ્યા છે. સાફ કરો, સાફ કરો.... કેમ સાહેબ ! સાફ કરવાથી શું મળશે ? સાફ કરવાથી એ ખબર પડશે, સમજાશે કે આ આવ-જા કરી શકાય તેને લાયક છે કે નહિ, જો આપણે દરવાજા સુધી કૂતરાના ગૂનો ઢગલો કરીએ તો ? તો મિત્રો ! ગર્વનર સાહેબ કહેશે કે આ બહુ હલકો માણસ છે. ભગવાન માટે તો કંઈ પણ નહિ કરવું પડે. બસ, એક કામ કરવું પડશે - પોતાની જાતની સફાઈ. આપ આપની સફાઈને જો સમજી શકો છો તો હું આપને એમ કહી શકું છું કે આપે અધ્યાત્મવાદનો આદર્શ સ્વીકારી લીધો. આપે અધ્યાત્મવાદમાંથી ફાયદો ઉઠાવવાનો સાચો રસ્તો જાણી લીધો. આથી ઓછામાં કોઈ રસ્તો નથી. ના સાહેબ ! અમે તો દેવતાની ખુશામત કરીશું.

બેટા ! જો દેવતાની ખુશામતથી ફાયદો થતો હોત તો આ મંદિરમાં જે લોકો સવારથી સાંજ સુધી આરતી ઊતારે છે, ઘંટડી  વગાડે છે, સવારમાં ચાર વાગે ઊઠીને રાત્રે નવ વાગ્યા સુધી આખો દિવસ ભગવાનના ગોરખધંધામાં લાગેલા રહે છે, તેમને નથી ખાવા માટે રોટલીની વ્યવસ્થા, નથી બીમારીઓથી બચવા માટે રૂપિયા, નથી બાળબચ્ચાં કોઈ કામનાં, નથી પત્નીનું ઠેકાણું, નથી રહેવા માટે મકાન,. ખુશામતથી જ બધું થઈ ગયું હોત તો આ પૂજારી લોકો અત્યાર સુધીમાં માલદાર થઈ ગયા હોત, ન લક્ષ્મીએ કોઈ ભલામણ કરી, ન નારાયણે કરી. લક્ષ્મી નારાયણનો તો આપ જપ કરો છો, તો પણ લક્ષ્મીએ એક રૂપિયાનો પણ ફાયદો ન આપ્યો.

## પૂજારી ખાલી હાથ કેમ છે ?

મિત્રો ! આપને એ વાત કેમ સમજાતી નથી કે જે પૂજારી મંદિરમાં બાર કલાક - સોળ કલાક પૂજા કર્યા પછી, કામ કર્યા પછી ખાલી હાથ છે, ત્યાં આપ પા કલાક-અડધો કલાક પૂજા કરીને એમ માનો છો કે અમારી મનોકામનાઓ પૂરી થઈ શકે છે અને અમને આ ફાયદો થઈ શકે છે. આપનામાં એટલી પણ અક્કલ નથી, આટલી વાત પણ સમજાતી નથી. આપની આટલી બુદ્ધિ કામ કરતી નથી. ના સાહેબ ! બુદ્ધિથી શું ફાયદો ? અમે તો એમ જ લઈ લેશું.

અહીં તો અંધેર ચાલી રહ્યું છે, કોઈ ખુશામત કરી લે છે, તેનું કામ થઈ જાય છે. બેટા ! એવો કોઈ કાયદો નથી. ભગવાન બહુ કાયદાથી ચાલી રહ્યા છે. ધરતી કાયદાથી ચાલી રહી છે. હવા કાયદાથી ચાલી રહી છે. સમુદ્ર કાયદા પર ટકેલો છે અને મનુષ્યના જીવનની ઉન્નતિ ભગવાનની કૃપા કાયદા પર ટકેલી છે. ના સાહેબ ! કાયદા વિના ચાલી રહી છે અને એમ જ જો કોઈ તેની ખુશામત કરી લે છે તે મેળવી લે છે. ના બેટા ! એમ નથી.

### પરબ્રહ્મરૂપી ભગવાન

મિત્રો ! આપ કહેશો કે આ આખું પૂજા-ઉપાસનાનું વિધાન શા માટે બનાવવામાં આવ્યું છે ? ચાલો, હું આપને સમજાવું છું કે પૂજા-ઉપાસનાનું વિધાન કયા હેતુથી ચલાવવામાં આવ્યું છે ? આપ તેના અસલી ઉદ્દેશ્યને જાણતા નથી, કેવળ બ્રાહ્ય ક્રિયા કલાપને જ જાણો છો. બહારના ક્રિયા કલાપને આપ એમ માની લો છો કે આ જ બધું છે અને જે કામ માટે બનાવવામાં આવ્યું છે, તેના તરફ ધ્યાન આપવા નથી માગતા. આ જ આપની ભૂલ છે. આપે એ સમજવું જોઇએ કે પૂજા-ઉપાસનાનું આખું સ્વરૂપ શા માટે બનાવવામાં આવ્યું છે ? ચાલો, પહેલાં હું એમ કહીશ કે ભગવાન શા માટે બનાવવામાં આવ્યા છે. ભગવાન બનાવવામાં આવ્યા ? હા, ભગવાન બનાવવામાં આવ્યા છે. એક ભગવાન એ છે જે આખી દુનિયામાં છવાયેલા છે અને એ ભગવાનને આપણે સમજી શકતા નથી, એ ભગવાનને આપણે જાણી શકતા નથી. એ એટલા મોટા ભગવાન છે. ભગવાનની વાત તો જવા દો. આપણે ફિઝિકસને નથી જાણી શકતા. ફિઝિકલ જે સાયન્સ છે, આ સાયન્સ આપણી જમીન પર કોઈક બીજી રીતે કામ કરી રહ્યું છે. અહીં એમટ બીજી રીતે કામ કરે છે. જમીનનો જે બીજો હિસ્સો છે, હવાનો, તેના પર આપ જાવ. ત્યાંનો જે એટમ છે તે પાકો નથી, કાચો છે. ત્યાંથી આપ બે હજાર માઇલ ઉપર જાવ. ત્યાં આપ એક એવી હવા અનુભવશો પહાડની રીતે આગના સળગતા ગોળા કયાંકથી ક્યાંક ભાગી રહ્યા છે. ક્યાંક આસમાની રોશની થાય છે, ફૂલઝરો સળગી રહ્યાં છે. ક્યાંક પીળી રોશની દેખાય છે. ક્યાંક હવાના એવાં વમળો જેવું દેખાય છે કે એ જોઈને આપ હેરાન થઈ જશો કે આપણે ભૂતોની દુનિયામાં કયાં આવી ગયા ?

મિત્રો ! હું જમીનની વાત કરું છું. અહીંના એટમોસ્ફીયરનો જે બીજો હવાનો હિસ્સો છે, ત્યાંની પરિસ્થિતિઓ અને અહીંની પરિસ્થિતિઓ અલગ છે. અહીંનું ફિઝિકલ, અહીંની હવાનું દબાણ અલગ છે. અહીંનો અમુક ગેસ અને અમુક ગેસ પેદા થવાની પ્રતિક્રિયા અલગ છે, જ્યારે બે હજાર માઇલ ઉપરના ગેસની રીત, તેનું ફિઝિકલ અલગ છે. રાહુનું  ફિઝિકસ અલગ છે, કેતુનું ફિઝિકલ અલગ છે. જેટલા લોક-લોકાંતરો છે એ બધાનું ફિઝિકલ અલગ અલગ છે. આપ એ ફિઝિકસને તો સમજતા નથી, પછી ભગવાનને શું સમજશો ? ભગવાન બહુ મોટો છે, વિશાળ છે. એ એટલો વિશાળ છે કે આપણે એનું વર્ણન કરી શકતા નથી કે તે કેટલો વિશાળ છે ? આપણી બુદ્ધિ માખી-મચ્છર જેવી છે. આપણે આ બ્રહ્માંડની કલ્પના કરી શકતા નથી, કારણ કે આપણી બુદ્ધિ બહુ અલ્પ છે. જે મંદાકિનીમાં, નીહારિકામાં આપણે લોકો રહીએ છીએ, તેમાં દસ અબજ તારા છે. તે બધા એકએક સૂરજ જેવા છે. એક સૂરજની કલ્પના કરવાનું જ આપણા માટે મુશ્કેલ છે કે તે કેટલો લાંબો-પહોળો છે ? તેનો વિસ્તાર કેટલો છે ? પછી એ તારાની કલ્પના આપણે કેવી રીતે કરીશું અને પછી એકએક નિહારિકા કેટલી દૂર છે. એકએક નીહારિકાનો પ્રકાશ, જે એક સેકંડમાં એક લાખ છયાશી હજાર માઈલની ગતિથી ચાલે છે અને ત્યાં હજારો વર્ષો પછી પહોંચે છે. કેટલું અંતર છે ? બેટા, અંતરની તો આપણે કલ્પના  કરી શકતા નથી. એ આપણી કલ્પના બહાર છે.

### નેતિ-નેતિ

મિત્રો ! બ્રહ્મને "નેતિ નેતિ" કહેવામાં આવ્યું છે. આ બ્રહ્માંડ વિશે પણ, આ ભગવાન વિશે પણ અને આ પૃથ્વી વિશે પણ આ જ વાત છે. જે સર્વવ્યાપી છે એ ભગવાનની આપણે કલ્પના કરી શકતા નથી. તે ભગવાન આપણા કાબૂ બહાર છે. ભગવાનનું સ્વરૂપ સમજવા માટે આપણી પાસે કોઈ શક્તિ નથી. આપણા શરીરમાં જે નાના નાના જીવાણુ છે, તે કેવી રીતે ઉત્પન્ન થતા રહે છે અને કેવી રીતે મરતા રહે છે ? આ નાના જીવાણુની  અંદર જે એક ન્યૂકિલયસ કામ કરે છે. તે સૂરજ જેવું શક્તિશાળી છે. બેટા ! આપણે તેની ક્ષમતાની કલ્પના કરી શકતા નથી. તેવી રીતે આપણે ભગવાનની શક્તિનું ચિંતન કરી શકતા નથી.

ભગવાનનું સ્વરૂપ જાણવાનું આપણા કાબુ બહાર છે. ભગવાનની ગતિ વિશે વેદોએ જે 'નેતિ નેતિ' કહ્યું છે, તે આપણા ચિંતન બહારનું છે. આપણી બુદ્ધિ તણખલા જેટલી અને ભગવાન ડુંગર જેવા છે. પછી આપણે સર્વશક્તિમાન સત્તારૂપે લોક લોકાંતરોમાં, બ્રહ્માંડોમાં સમાયેલા ભગવાનની કલ્પના કેવી રીતે કરી શકીએ ? તેના કાયદા કાનૂન સુધ્ધાને આપણે જાણી શકતા નથી, પછી આપણે જે વિરાટ અને વિશાળ છે એ ભગવાન વિશે કેવી રીતે કહી શકીએ ?

### આપણે બનાવેલા ભગવાન

મિત્રો ! જે ભગવાન આપણી પાસે છે, જેની આપણે ખુશામત કરીએ છીએ, પૂજા-પાઠ કરીએ છીએ, એ ભગવાન શું છે ? તે તો આપણે બનાવેલા છે. આપ વિશ્વાસ રાખો, આ બધા ભગવાન આપણે બનાવેલા છે. જો આ ભગવાન આપણા બનાવેલા ન હોત તો દુનિયામાં ફક્ત એક જ ભગવાનની કલ્પના હોત. આ દુનિયાનો નિયામક એક જ ભગવાન છે. 'એકંસદ્વિપ્રા બહુધા વદન્તિ- અર્થાત્ એક જ બ્રહ્મ છે અને એક બ્રહ્મના અસંખ્ય નામ આપવામાં આવ્યાં છે, પરંતુ આપણી પાસે ઢગલાબંધ બ્રહ્મ છે અને ઢગલાબંધ ભગવાન છે. આપના ભગવાન કયા છે ? સાહેબ ! લાંબી મૂછોવાળા, આપના ભગવાન ? લાંબી પૂંછવાળા. આપના ભગવાન ? દાઢીવાળા. આપના ભગવાન ? ખપ્પર ધારણ કરેલા. આપના ભગવાન ? જીભ કાઢીને ઉભેલા. આવા તો અસંખ્ય ભગવાન છે કે આપણે શું કહેવું ? એક ભગવાન સખત વેજિટેરિયન છે. પાણી ગાળીને પીવો. જીવ હિંસા ન કરો. રસ્તો ઝાપટીને ચાલો, કોઈના પર પગ ન પડી જાય. આ છે ભગવાન નંબર એક. સારું સાહેબ ! આ તો બહુ સારા ભગવાન છે. ભગવાન નંબર બે બકરી વિના કામ નહિ ચાલે, મરઘી વિના કામ નહિ ચાલે, આમલેટ અને ઈંડા વિના કામ નહિ ચાલે. એ છે - નોન વેજિટેરિયન. અરે સાહેબ ! આપ વેજિટેરિયન છો કે નોન વેજિટેરિયન ? વેજિટેરિયન લોકોએ ભગવાનને વેજિટેરિયન બનાવી દીધા છે અને નોન વેજિટેરિયન લોકોએ ભગવાનને નોન વેજિટેરિયન બનાવી દીધા છે. દેવી દેવતાઓના નામે આ જે બધા ભગવાન આપને દેખાય છે તે બધા જ માણસે બનાવેલા છે. એ એટલા માટે બનાવવામાં આવ્યા છે કે આપણો ધ્યાનનો ઉદ્દેશ પૂરો થઈ શકે, ધ્યાનને વિખાઈ જતું રોકી શકાય,

જેથી આપણે જે ધ્યાન કરીએ છીએ તેને કોઈ ને કોઈ છબી પર રોકી શકીએ.

## ભગવાનને કલ્પનાએ રચ્યા છે.

મિત્રો ! એક દિવસ મેં આપને જણાવ્યું હતું કે આપણું જીવન કેવું હોવું જોઇએ અને આપણે શું બનવા માગીએ છીએ ? આપણું લક્ષ્ય શું છે ? તેને માટે આપણે આપણા ઇષ્ટદેવ નક્કી કર્યા છે. એક દિવસ મેં તાજમહેલનું ઉદાહરણ આપ્યું હતું, જ્યાં મોડલ બનાવીને રાખ્યું છે. એક દિવસ મેં દયાલબાગનું ઉદાહરણ આપ્યું હતું, જયાં મોડલ બનાવીને રાખ્યું છે. આપણે જેવા બનવા માગીએ છીએ, એવા ભગવાન આપણે બનાવ્યા છે. જેને જેવી મરજી પડે છે, તેવા તે બનાવી લે છે. કેમ સાહેબ ! શ્રીકૃષ્ણ ભગવાન કાળા રંગના હતા કે ગોરા રંગના ? બેટા, અમે તો જોયા નથી. તો સાહેબ ! પ્રેસમાંથી જે છાપેલા આવે છે, એવા જ હતા ? આ ભગવાન તો ગોળમટોળ ચહેરાવાળા છે. કદાચ અસલી કૃષ્ણ ભગવાન હશે તેમને આંખો ખાડામાં ઘૂસેલી હોઈ શકે, બની શકે કે તેમનું નાક આપણા જેવું લાંબું હોય. ના મહારાજજી ! શ્રીકૃષ્ણ ભગવાન તો કાલે મેં જોયા હતા એવા છે. બેટા ! એ આપણે કલ્પનાથી બનાવેલા છે.

## અગણિત માન્યતા, અગણિત ભગવાન

મિત્રો ! જેટલા પણ દેવી-દેવતા બનાવ્યા છે, આપણે પોતપોતાની કલ્પનાથી બનાવ્યા છે. કોઈકની દેવી સિંહ પર સવાર છે, કોઈની દેવી લાંબીલચક જીભ બહાર કાઢેલી અને બાર ભુજાઓવાળી છે. કોઈની દેવી ચંડી બે ભુજાઓવાળી છે. કોઈની દેવી ઘુવડ પર બેઠેલી છે, કોઈની કાંઈક બીજા પર, કેટકેટલી દેવીઓ છે - કોઈના હાથમાં ખપ્પર છે, કોઈકની જીભ બહાર કાઢેલી છે, કોઈ સોનાના ઘરેણાં પહેરેલી છે, કોઈ મુંડમાળા પહેરેલી છે. બેટા ! આટલી બધી દેવીઓ દુનિયામાં ક્યાંથી હોઈ શકે ? કોઈ દેવી નથી. દુનિયામાં એક જ દેવી છે, જેનું નામ છે ભગવાન. તેને જ માતા કહેવામાં આવે છે, તેને જ પિતા કહેવામાં આવે છે. તેને જ ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ કહેવામાં આવે છે. એક જ સર્વશક્તિમાનનાં કલ્પિત નામ, કલ્પિત રૂપ છે. આ બધી આપણી કલ્પનાઓ છે, જે દેવીઓના નામે, દેવતાઓના નામે, ગણેશજીના નામે, મહાદેવજીના નામે, હનુમાનજીના નામે કેટલાં બધાં દેવી-દેવતા બનાવી મૂકયાં છે ?

બેટા ! હજી તો આ ઓછા છે કેટલાં હોવા જોઇએ ? જૂના જમાનામાં તેત્રીસ કરોડ મનુષ્ય હતા. અહીં દરેક વ્યક્તિના અલગ ભગવાન હતા. અત્યારે આપણે કેટલા થઈ ગયા ? એક અબજથી પણ વધારે. આથી ઓછામાં ઓછા એક અબજ દેવી-દેવતા હોવા જ જોઇએ. વધારે થઈ જાય તો પણ કાંઈ વાંધો નહિ. દરેક માણસની પોતાની કલ્પના, પોતાની માન્યતા, પોતાના વિચાર અને પોતાના સિદ્ધાંતના હિસાબે ગમે તેટલા દેવી-દેવતા બનાવી શકાય છે અને બની શકે છે. બનતા રહ્યાં છે અને બનશે.

## રોજ પેદા થઈ રહ્યા છે નવા દેવતા

મિત્રો ! જે જૂના દેવી-દેવતા હતા, એ બધા રિટાયર્ડ થઈ ગયા, બરતરફ થઈ ગયા. કોણ કોણ  બરતરફ થઈ ગયા. તે બધા દેવતા બિલકુલ અલગ હતા, જે આજના દેવતાઓ સાથે કોઈ સંબંધ નથી રાખતા. એક હતા પૂષા, આપે કદી સાંભળ્યું છે ? પૂષા તો સાહેબ બિહારમાં છે, જયાં ઘઉંનો પાક લેવામાં આવે છે. અરે ના બેટા, એ નથી. પૂષા એક  દેવતા હતા. ખૂબ મોટા દેવતા હતા. અમે તો નામ પણ નથી સાંભળ્યું. વૈદિક કાળમાં જે વૈદિક દેવતા ગણાતા હતા. તેમના નામ પણ આજે કોઈ જાણતું નથી. પૌરાણિક દેવતાઓ જે આવ્યા, તેઓ પણ બેટા ! હવે ધીમેધીમે સમાપ્ત થતા જઈ રહ્યા છે. જેમકે વિષ્ણુ ભગવાન. ઉત્તર ભારતમાં તો વિષ્ણુ ભગવાનનો બૉયકોટ થઈ ગયો છે. અને બ્રહ્માજી ? બ્રહ્માજી તો તદ્દન રિટાયર થઈ ગયા છે. તેમનો તો પત્તો જ નથી, ખૂબ ઘરડા થઈ ગયા છે અને દાદાજીની જેમ બેસી રહે છે.

બેટા ! હવે નવાનવા ભગવાન, નવાનવા દેવતા પેદા થઈ રહ્યા છે. જેમ કે, સંતોષા માતા, સંતોષી માતા તો હમણાં ફૂટી નીકળ્યા છે. મારી દેખતા જ ઉત્પન્ન થયા અને યુવાન થઈ ગયા. હવે એમ લાગે છે કે સંતોષી માતાનો વિવાહ કરવો પડશે. એ બહુ જબરદસ્ત થઈ ગયા છે અને ચારે તરફ ફેલાતા જઈ રહ્યાં છે. આ સંતોષી માતા દસ વર્ષ પછી મરી જશે, પછી કોઈ નવું પેદા થશે. એટલાં બધાં દેવી-દેવતા થઈ ગયા છે કે માખી-મચ્છરની જેમ દેડકાં-વાંદરાની જેમ રોજ ઉત્પન્ન થાય છે અને રોજ મરી જાય છે. જયાં જાવ ત્યાં આ અમારાં કુળદેવી છે અને આ અમારા કુળદેવતા છે. આખા હિંદુસ્તાનમાં જાવ અને જાણકારી મેળવી આવો કે કુલ કેટલાં દેવી દેવતા છે.

હું સમજું છું કે લાખોની સંખ્યામાં કુળદેવી અને કુળદેવતા છે. તેમનો નેચર આપ જોશો તો હેરાન થઈ જશો.

### દેવીમાતા સંબંધી ભ્રાન્તિઓ

આ દેવી ખોડિયાર માતા કયાં રહે છે ? એ જેસલમેરમાં રહે છે. કલકત્તાના મારવાડી દોડતા દોડતા ત્યાં પહોંચે છે. કયાં ? જેસલમેર. પત્નીને, પડોશીને, સગાંસંબંધીને, પંડિતજીને લઈને ત્યાં જાય છે. રૂપિયા ચાર હજાર ખર્ચે છે. શેના માટે ? દેવી પાસે મુંડન થશે. પછી દેવી શું કરશે ? વાળ ખાશે. અરે બેટા, વાળ તો તું કલકત્તાથી પેટીમાં પેક કરીને પણ મોકલી શકતો હતો ! લો મહારાજજી ! દેવીને વાળ ખવરાવી દેશો. ના મહારાજજી ! દેવી તો તેની સાથે ફ્રેશ માલ, નવો માલ, ગરમાગરમ માલ આવે છે ત્યારે જ પ્રસન્ન થાય છે. દેવી જૂનો માલ નથી  ખાતી વાળ ખાય છે કે માલ ? અરે મહારાજજી ! માલ તો અહીં પણ બહુ છે. એ તો વાળ ખાય છે. ધત્ તેરે કી. દેવી વાળ ખાય છે ? મારવાડીની દેવી અલગ, ફલાણાની દેવી અલગ. બેટા મને એવો ગુસ્સો આવે છે કે કેટલીક વખત હું રાતોપીળો થઈ જાઉં છું, આ દેવી-દેવતાના અજ્ઞાનના નામે અને એ પણ એવાએવા કે જેમને વાળ ખાધા વિના ચાલતું નથી. જેને નથી રોટલીની જરૂર, નથી પૂરીપકોડીની. અને વાળ ખાવા ન મળે ત્યારે ? પછી જુઓ દેવીના હાલ. આને તાવ લાવશે, તેને બીમાર પાડશે, આને પૈસાનું નુકસાન કરાવશે, અરે બાબા, તું તો દેવી છે, પછી નુકસાન શું કામ કરે છે ? આવી દેવીઓ આખા હિંદુસ્તાનમાં ફેલાઈ ગઈ છે. આખા દેશમાં દેવી-દેવતાઓના નામે, ભક્તિના નામે અને ભગવાનના નામે અજ્ઞાન ફેલાઈ ગયું છે. ચાલો, હું તો હવે એમ કહીશ, કે અસલિયત શું છે ? અસલિયત જે હોય તે આપે જાણવી જોઇએ. આખરે દેવતા શું છે.

### આખરે દેવતા શું છે ?

મિત્રો ! દેવતા છે મનુષ્યના ગુણ, મનુષ્યના કર્મ અને મનુષ્યનો સ્વભાવ. હનુમાનજી બળનું પ્રતીક છે અને વ્રતમાં બ્રહ્મચર્યનું પ્રતીક છે.  ચંડી સંઘશક્તિ અને સંગઠનનું પ્રતીક છે. સરસ્વતી કલા અને જ્ઞાનનું પ્રતીક છે. ગાયત્રી પ્રતીક છે - ભાવનાઓ સાથે જોડાયેલી સદ્દબુદ્ધિનું. જેટલા  દેવી-દેવતા છે એ માનવીય ગુણોના પ્રતીક છે.

જો આ વાત આપને સમજાઈ જાય તો એ પણ સમજાય જશે કે દેવતાઓની કૃપા મેળવવા માટે આપે આપના જીવનમાં ગુણોનો, કર્મનો, સ્વભાવનો વિકાસ કરવો પડશે. માનવી શ્રેષ્ઠતાને નિરંતર વધારવા માટે કમર કસીને ચાલવું પડશે, જેથી આપની અંદર જે મહાનતા છે, તે વિકસિત થતી જાય.

શંકરજી ક્યાં હોય છે ? બેટા, મને નથી ખબર ક્યાં હોય છે અને ક્યાં નથી હોતા. આપે જોયા છે? અમે તો નથી જોયા અને આપે જોયા છે ? હા મહારાજજી ! સ્વપ્નમાં જોયા છે. સ્વપ્નની કોઈ કિંમત નથી હોતી, સ્વપ્ન તો સ્વપ્ન છે. મિત્રો ! શંકર ભગવાન શું હોઈ શકે છે ? શંકર ભગવાન શ્રેષ્ઠ ગુણોનો સમુચ્ચય અને સમન્વય છે. શંકરજીનું ઉદાહરણ હું આપને સમજાવવા માગું છું. શંકરજીનો ચહેરો આપ જુઓ. એમના શિરમાંથી ગંગાજી નીકળે છે. કેમ સાહેબ ! કોઈના માથામાંથી ગંગાજી નીકળે તો તે પડખું કેવી રીતે બદલશે, વિચારો. જો હું બેસી રહું અને માથામાંથી પાણી નીકળતું રહે તો પાણી જમીન પર પડશે અને વહી જશે, પરંતુ હું ક્યારેક સૂઈ જાઉં ત્યારે ? પડખું બદલું ત્યારે ? મારા માથામાંથી પાણી નીકળે છે તો નાકમાં, કાનમાં અને મોંમાં જશે કે નહિ ? પછી હું જીવીશ કે મરીશ ? શંકર ભગવાન ચોવીસ કલાક બેસી રહેતા હોય તો હું કાંઈ નથી કહેતો, પરંતુ એમને પણ ક્યારેક સૂવાની તક મળી હશે, તો ગંગાજી એમના નાક-કાનમાં ઘૂસી ગયા હશે અને શંકરજી એમા ડૂબી ગયા હશે.

### દેવી-દેવતાઓના મૂળમાં આલંકારિક વિવરણ

મિત્રો ! આ એક અલંકાર છે. જેમાં એ વાત બતાવવામાં આવી છે કે જે શક્તિ કે જે વ્યક્તિના મસ્તકમાંથી જ્ઞાનની ગંગા નીકળે છે, શુદ્ધ-પવિત્ર બનાવવામાં સમર્થ હોય. એ વ્યક્તિનું, એ દેવતાનું, એ શક્તિનું નામ શંકર, જેના મન-મસ્તિષ્કમાંથી હંમેશા જ્ઞાનની ગંગા પ્રવાહિત થતી હોય શંકરજીના શિર પર ચંદ્રમાં લટકે છે. ચંદ્રમાને કેવી રીતે લટકાવી શકાય ? એ તો ફૂટબોલની જેમ ગોળમટોળ છે. ચંદ્રમાને શિર પર લટકાવવા હોય તો બેજ રીતે લટકાવી શકાય. એક તો શિરમાં છિદ્ર કરીને એમાંથી બૉલ્ટ બાંધી દેવામાં આવે અથવા સ્ટૅન્ડ લગાવી દેવામાં આવે.

જો આપણી સામે બોલ રાખવાનો હોય તો સ્ટૅન્ડ પર બોલ રહી જશે અને આપણે આપણું માથું તેની પાસે લગાવી દઈશું એક બીજી રીત એ છે કે આપ દોરડું કે તાર લાવો. એમાં બોલને ચારે બાજુથી માથામાં બાંધી દો, ના સાહેબ, શંકરના શિર પરક તો ચંદ્રમાં લટકેલો છે. બેટા ! ચંદ્રમાં એક અલંકાર છે. જેનો અર્થ થાય છે - સંતલન, શાંતિનું પ્રતીક છે ચંદ્રમાં. આપણું મસ્તિષ્ક પ્રત્યેક પરિસ્થિતિમાં સમતુલિત રહેવું જોઇએ.

મિત્રો ! ગભરામણ, પરેશાની, મુશ્કેલી, અદેખાઈ આ બધી વાતોમાં આપણું મગજ અશાંત રહે છે અને આપણું ખૂબ નુકસાન થતું રહે છે. આપણે જે સમસ્યાનું સમાધાન કરવા જઈએ છીએ, તેનું સમાધાન તો થતું નથી, ઊલટું સમસ્યા વધારે ગૂંચવાતી જાય છે. પ્રત્યેક પરિસ્થિતિમાં, મુસીબતમાં, શોકમાં પણ આપણ આપના મગજનું સંતલન જાળવી રાખો. જે મુસીબત આવી છે, તેનો રસ્તો કાઢવા માટે આપણી પાસે મગજ સિવાય બીજું શું છે ? મગજનું બૅલેન્સ જાળવી શકો, તેના માટે આપ આપના મસ્તક પર ચંદ્રમાં લટકાવો. એ શું ચીજ છે ? એ બેટા ! શિક્ષણ છે, દિશા છે, ધારા છે અને એક ફિલોસોફી છે જિંદગીની.

### શિક્ષણ અને દિશાધારા

શંકરજીને ત્રણ આંખ હોય છે. ત્રણ આંખ કેવી રીતે હોય છે ? બેટા, શંકરજીની એક આંખ એવી હોય છે કે જો ક્યારેક તે ખોલી નાંખે અને તેનાથી જે કોઈને જુએ તે બળીને ભસ્મ થઈ જાય છે. જેમકે, કામદેવને શંકરજીએ એક દિવસ આંખ ખોલીને જોયો, તો તે તરત જ બળીને ભસ્મ થઈ ગયો. તો મહારાજજી ! જો હું શંકર ભગવાન પાસે જાઉં તો ? બેટા ! તું એવા સમયે જજે, જ્યારે મહાદેવજી સૂઈને ઊઠયા ન હોય. સૂઈને ઉઠતાં જ કદાચ આંખો ચોળતા હોય અને આંખ ખુલી ગઈ તો સમજી લેજે. તું ગયો હતો એટલા માટે કે મનોકામના પૂરી કરાવીને આવીશ, પરંતુ શંકરજીએ ખુલ્લી આંખે જોઈ લીધો, તો તારો સફાયો થઈ જશે. એટલે તું ન જતો. કયાં સમયે જાઉ ? નવ વાગ્યા પછી, જ્યારે શંકરજી કોગળા-બોગળા કરીને, આંખ મોં ધોઈને, ચશ્માં પહેરીને વ્યવસ્થિત થઈ જાય ત્યારે જજે. મહારાજજી ! એવી આંખો હોય છે ?

બેટા ! કોઈ આંખ નથી. તો એ શું છે ? ત્રીજી આંખ વિવેકની આંખ, દૂરદર્શિતાની આંખ. ટેલિસ્કોપની આંખ જેનાથી આપણને પરલોક દેખાય છે, નરક દેખાય છે, પુનર્જન્મ દેખાય છે, જેનાથી આપણને આગળનું જીવન, વૃદ્ધત્વ દેખાય છે.

## દૂરદર્શિતા અને વિવેકનું પ્રતીક

મિત્રો ! આપણને ફક્ત આજનો ફાયદો જ દેખાય છે, કાલે શું પરિણામ હશે એ દેખાતું નથી. આપણે એ ચીજ ખાઈએ છીએ કે કાલે આપણું પેટ ખરાબ થઈ જાય તો શું ? ભોજન સમારંભમાં જઈએ છીએ તો ખાતા જ જઈએ છીએ. અરે બાબા, પેટમાં દુખશે. અરે સાહેબ ! કાલે દુખશે તો લવણ ભાસ્કર ચૂર્ણ ખાઈ લઈશું, આજે તો આ બધું ખાઈ લેવા દો. આજે ખાય છે અને કલાક પછીની તને ખબર નથી. ના મહારાજજી ! જે કાંઈ થશે એ જોઈ લેશું. મિત્રો ! અમે અને તમે એવા માણસ છીએ જેને અત્યારનો, આ પળનો ફાયદો જ યાદ છે. દૂરનાં નફા-નુકસાન ધ્યાનમાં નથી આવતા. જો આ આપણને ધ્યાનમાં રહેતું હોત તો આપણે આપણી જિંદગીનો ક્રમ એવો બનાવ્યો હોત કે આપણું વર્તમાન જીવન, વૃદ્ધત્વનું જીવન, ભાવિ જીવન, મર્યા પછીનું જીવન શાનદાર બન્યું હોત. આજના ફાયદા માટે આપણે બધું જ ગુમાવી દીધું. આપણી એ ત્રીજી આંખ, જેને આપણે ટેલિસ્કોપ કહી શકીએ, જેનાથી આપણને આપણું ભવિષ્ય જોવા મળત.

મિત્રો ! શંકરજી પાસે હતી ત્રીજી આંખ. જ્યારે કામદેવ આવ્યો તો તેમણે એ આંખ ખોલી. સારું, આપ પધાર્યા છો ? કૂતરું સૂકું હાડકું ચાવે છે અને પોતાના જડબા ઘાયલ કરે છે. જડબાંમાથી જે લોહી મોંમાં જાય છે, તેનાથી સમજે છે કે કેવો અપૂર્વ સ્વાદ આવે છે. કહો કામદેવ સાહેબ ! આપ સૂકું હાડકું છો ને ? હા સાહેબ ! અને અમે કૂતરા છીએ ને ! હા. જુઓ આપણે આપણી યુવાની, આપણું શૌર્ય, આપણું તેમજ, આપણું ઓજસ  દારૂગોળાની જેમ, ફૂલઝરની જેમ સળગાવી દઈએ છીએ અને એમ સમજીએ છીએ કે કોણ જાણે આપણે શું શું કમાઈ લીધું અને શું ફાયદો મેળવી લીધો. મિત્રો ! આ કામવાસનાનું સ્વરૂપ શંકરજીને સમજાયું અને તેમણે કામવાસનાને મારીને ભગાડી દીધી. કામદેવને બાળી નાંખ્યો.

આપણી પાસે જો વિવેક આવે તો આપણે અસંખ્ય બૂરાઈઓ, દુર્બળતાઓ, નબળાઈઓને સહેજમાં મારીને ભગાડી શકીએ છીએ. આ છે શંકરજીની ત્રીજી આંખ. જે સિદ્ધાંતમાં આ ત્રીજી આંખ જોડાયેલી હોય, જે વ્યક્તિના જીવનમાં આ ત્રીજી આંખ જોડાયેલી હોય, તે શંકર અથવા શંકરનો ભક્ત છે.

મિત્રો ! શંકર ભગવાન ગળામાં મુંડમાળા ધારણ કરે છે. એનો શું અર્થ ? શંકરજીએ ખોપડીની માળા ગળામાં પહેરી રાખી હતી. આપ પણ જો મુંડની માળા ગળામાં પહેરો અને જુઓ કે મારી પત્ની મુંડ, મારા બાળકો મુંડ, મારું શરીર મુંડ છે. આ બધું હાડકાંની જંજાળ અને હાડકાનો જમેલો ભર્યો છે અને મારા ગળામાં બાંધ્યો છે. ખોપડીવાળું હાડપિંજર જે આપણને આપણું દેખાય છે, તેની સાથે જિંદગી અને મોતને ભેળવીને, તેનો સમન્વય કરીને રાખ્યું હોત તો મઝા આવત. એક ખભે આપે મોતનો હાથ ઝાલ્યો હોત અને એક ખભે જિંદગીનો હાથ ઝાલ્યો હોત તો મોત અને જિંદગીના સમન્વયથી આપની જિંદગી રાજા પરીક્ષિત જેવી થઈ ગઈ હોત. જો આપ મોતને સમજયા હોત તો સિકંદરની જેમ આપને અફસોસ ન કરવો પડત.

### પ્રતીકોને સમજો

શંકર ભગવાનના ગળામાં સાપ વીંટાળેલા છે. તેઓ જે લોકોને પોતાના મિત્ર બનાવીને રાખતા હતા, તે હતા બિચારા "તન ઝીન કોઉં અતિ પીન, પાવન કોંઉ અપાવન તન ધરે." નબળા માણસો, બીમાર માણસો, બિચારા - બાપડા માણસો. જાપાનના ગાંધી કાગાવાનું ઉદાહરણ હું આપી ચૂકયો છું. તેમણે પછાત લોકો માટે દીન-દુઃખીઓ માટે પોતાની જિંદગી વિતાવી દીધી. હું એક દિવસ બાબા સાહેબ આમ્ટેનું ઉદાહરણ આપી ચૂકયો છું. તેમણે ગરીબો, કોઢીઓ માટે પોતાની જિંદગી વિતારવી દીધી. આપણા સમાજમાં ચારે બાજુ કોઢિયા અને આંધળા ફેલાયેલા છે. શું આપ એમને મદદ ન કરી શકો ? કોઢી અને આંધળા કોણ ? અમે અને તમે અમે અને તમે નૈતિક દૃષ્ટિએ કોઢી અને આંધળા જેવા છીએ, જેમને પોતાનું ભવિષ્ય, પોતાનું વ્યક્તિત્વ, પોતાનો લોક-પરલોક કંઈ પણ દેખાતું નથી. આ અંધોને, કોઢીઓને, શરાબીઓને, પછાતોને, પાપીઓને મદદની જરૂર છે.

જે આપણે કરવી જોઇએ. ના સાહેબ ! અમે શંકરજીની ભક્તિ કરીએ છીએ. ખૂબ ભક્તિ કરીએ છીએ. ત્રણ ઘડામાં છિદ્રો કરીને તેમાં પાણી ભરીને ટિપોઈ પર મૂકી દઈએ છીએ. શ્રાવણ મહિનામાં શંકરજીના માથા પર આખો દિવસ ટપ ટપ પાણી ટપકતું રહે છે. શંકરજીને શરદી થઈ ગઈ, મલેરિયા થઈ ગયો આ પાણીથી નહાતા નહાતા. મહારાજજી ! શંકર ભગવાન મારી મનોકામના પૂરી નહિ કરે ? બેટા ! આખો મહિનો ગયો, તેં શંકરજીને ન ખાવાનું ખવડાવ્યું, ન દવા આપી. પછી તારી મનોકામના કેવી રીતે પૂરી કરે ? સારું મહારાજજી, શું શંકરજી માટે દવા લઈ આવું. આ લો આકડાના ફૂલ ખાઈ લો અને ધૂતરાનાં ફળ ખાઈ લો. તેં મહાદેવજીને ધતૂરાના ફળ ખવડાવ્યાં અને તેમને વધારે તાવ આવી ગયો. તે વધારે બીમાર પડી ગયા અને ચેલાએ એમની ગોળીમાંથી જે કાંઈ માલ હતો તે કાઢી લીધો. શંકરજીની ઝોળીમાં બિહાર ગવર્મેન્ટથી લોટરીનો નંબર અને ગુજરાત ગવર્મેન્ટની લોટરીની ટિકિટના નંબર રાખ્યા હતા, તે બધા નંબર ચોરી ગયો અને શંકર ભગવાન જોતા રહી ગયા. આ જ છે તારી શંકરજીની ભક્તિ?

### સાચી ભક્તિ-ગુણોનો પરિષ્કાર

મિત્રો ! આ બેકાર વાતોને, આ બેવકૂફીની વાતોને લોકો સમજતા રહે છે કે અમે ભગવાનની ભક્તિ કરીએ છીએ, પૂજા કરીએ છીએ. કયાં છે એ ભક્તિ અને પૂજા ? મિત્રો , ભક્તિ એ હોઈ શકે જેમાં આપણે આપણા પ્રેમ આપણું ચરિત્ર અને આપણા વ્યક્તિત્વ દ્વારા સમાજને શ્રેષ્ઠ અને ઉપયોગી બનાવીએ છીએ. એનાથી ઓછામાં કોઈ ભક્તિ હોઈ શકતી નથી અને વધારે ભક્તિની કોઈ જરૂર નથી.

શંકરજીની ઉપાસનાનું સ્વરૂપ મેં બતાવ્યું. જો આપ એમના ભક્ત હો, તો આપના ગુણ, કર્મ અને સ્વભાવનો પરિષ્કાર આપના જીવનમાં સમન્વિત કરો. પોતાની જાત સાથે લડાઈ કરો. પોતાની જાતને તપાવો. પોતાની જાતને અનુશાસનમાં રાખો. એવું કરશો તો હું આપને શંકરજીનો ભક્ત કહી શકું.

મિત્રો ! ગાયત્રી માતાજીની જે મૂર્તિ છે, તેની સામે આપણે દરરોજ જપ કરીએ છીએ. આપ તેના કલવેરને તો સમજો છો, પણ પ્રાણોને કેમ નથી સમજતા ?

ગાયત્રી માતાને પ્રાણ - તે માનવતાની દેવી છે, આદર્શોની, સિદ્ધાંતોની દેવી છે, શમાલીનતા, ઉત્કૃષ્ટતા, આદર્શવાદિતા, વિવેકશીલતાની દેવી છે. "ધિયો યો ન : પ્રચોદયાત્ " એ દેવી છે, આપ એની ઉપાસના કરો. ના મહારાજજી ! અમે તો હંસ પર બેઠલી દેવીની ઉપાસના કરીએ છીએ. ચાલો, હું આપણે કહેવા માગું છું કે આ પણ અલંકાર છે. હંસ જેવી જિંદગી બનાવો, નીર-ક્ષીરનો વિવેક કરતાં શીખો, ઉચિત અને અનુચિતનો ફરક પાડતા શીખો. મોતી ખાવ અને કીંડામકોડા ખાવાનો ઇન્કાર કરી દો. તળાવમાં જે હંસ જોવા મળે છે, તે તો કીડા ખાય છે, બિચારાને મોતી ક્યાંથી મળે ? તેને નીર ક્ષીરનો વિવેક કરતાં કયાં આવડે છે ? એ તો પાણી પીવે છે, તેને બિચારાને દૂધ મળતું નથી કે નથી તે નીર-ક્ષીરનો વિવેક કરતાં. ગાયત્રી માતાનો હંસ કે વિવેકશીલ મનુષ્ય જેવો હોવો જોઇએ. જે ઉચિત અને અનુચિતનો - આ કરવા લાયક છે, આ ન કરવા લાયક, આ કરીશ, આ નહિ કરું, અહીં જઈશ, અહીં નહિ જાઉં - ચોવીસ કલાક આ ફરક કરતો રહે છે, તે માણસનું નામ છે - હંસ. હું આપને વચન આપું છું કે જો આપ હંસનું જીવન જીવો તો ગાયત્રી માતાની શક્તિ અનાયાસ જ આપના ઉપર ઉતરશે અને સવારી કરશે.

## દેવવૃત્તિ વિકસિત કરો

ગાયત્રી માતા હંસને ખભા પર રાખીને ચાલે છે કે હંસ ગાયત્રી માતાને ખભા પર રાખીને ચાલે છે, કહો ? હંસ ગાયત્રી માતાને ખભા પર રાખીને ચાલે છે. જો આપ હંસ હો તો ગાયત્રી માતાને ખભા પર બેસાડીને જયાં મરજી પડે ત્યાં લઈ જઈ શકો છો. કેવી રીતે ? જેમ કે હમણાં જ યુગાન્ડામાં વિમાને હાઈજેક કરીને ગયા હતા કો ? અપહરણકાર. આપ અપહરણકારની જેમ ગાયત્રી માતાને ખભે બેસાડો, ચાલો મારા ઘરે. ના બેટા ! હું તો સ્વર્ગ લોક જવા માગું છું. નહિ, આપ સ્વર્ગલોક નહિ જઈ શકો. મારી સાથે ચાલો. હંસ જયાં જશે. ત્યાં ગાયત્રી માતાએ જવું પડશે. જો આપ હંસ હો તો ગાયત્રી માતાને મજબૂર કરી શકો છો.

આ છોકરીઓ ગાય છે - "કહાં છિપા હૈ સચ્ચા ઇન્સાન, ખોજતે જિસે સ્વયં ભગવાન." એ માણસ કયાં છુપાઈને બેઠો છે, જેને ભગવાન શોધે છે.

માણસે ભગવાનને શોધવાની કાંઈ જરૂર નથી. ભગવાન શોધે છે, જો માણસની અંદર માણસાઈ હોય તો ભગવાન માણસોને શોધે છે. આપણે માણસાઈ તો ખોઈ નાંખી અને ભગવાન માટે ખુશામત કરીએ છીએ. હલકા માણસો, સડેલા માણસ, નકામા માણસો, ચોર-લુટારા માણસો શું જવાના ભગવાનને ત્યાં ? મિત્રો ! સફાઈની જરૂર છે અને આ જ છે આધ્યાત્મિકતાનો ઉદ્દેશ્ય. આજની વાત સમાપ્ત.